# ગાડીમાંથી દારૂનો જથ્થો ઘરમાં ઠલવાતો હતો ને પોલીસ પહોંચી

## સે-૧૩માં દરોડો પાડીને ૧.૨૪ લાખના દારૂ-બિયર સાથે પોણા ત્રણ લાખનો મુદ્દામાલ જપ્ત : બુટલેગર અને ફોલ્ડરીયા મળીને ૪ની ધરપકડ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરના સેકટર-૧૩ ખાતે એક બુટલેગર તેની ગાડીમાંથી દારૂ-બિયરનો માલ ઘરમાં ઠલવતો હોવાની બાતમી મળતા જ સે-૭ પોલીસની ટીમે દરોડો પાડીને રૂ. ૧.૨૪ લાખની દારૂ-બિયરના જથ્થા સાથે કુલ પોણા ત્રણ લાખનો મુદ્દામાલ જપ્ત કરી બે બુટલેગર અને બે ફોલ્ડર મળીને ચાર શખ્સોની ધરપકડ કરી લીધી છે. સે-૭ પોલીસે દારૂ કયાંથી લાવ્યા તે સહિતની વિગતો બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

સેકટર-૭ પી.આઈ. જે.એમ. ભરવાડને બાતમી મળી હતી કે સે-૧૩માં દારૂ ભરીને આવેલી સેન્ટ્રો ગાડીમાંથી દારૂ-બિયરનું કટીંગ થઈ રહ્યું છે અને બુટલેગરના ઘરમાં માલ ઉતરી રહ્યો છે. જેને આધારે પી.આઈ. ભરવાડ તથા પી.એસ.આઈ. એ.જી. રાઠોડ, પો.કો. મૃગેન્દ્રસિંહ, રતનસિંહ, મહેન્દ્રસિંહ અને વિજયભાઈ સહિતની ટીમે દરોડો પાડી દારૂ-બિયરના કટીંગ વખતે જ બુટલેગરોને પકડી પાડયા હતાં. ૪૩૨ નંગ દારૂની બોટલો અને બિયરના ટીન કિં. રૂ. ૧.૨૪ લાખ અને રૂ. ૧.૫૦ લાખની કિંમતની સેન્ટ્રો ગાડી મળીને રૂ. ૨.૭૪ લાખના મુદ્દામાલ સાથે બે બુટલેગરો અને બે ફોલ્ડરની ધરપકડ કરી લેવામાં આવી છે. કોલવડાનો બુટલેગર નરેશ રવજી રાવળ અને સે-૧૩ના છાપરામાં રહેતો બુટલેગર રણજીત ઉર્ફે રંજોરામાજી ઠાકોર તથા તેમના બે ફોલ્ડરીયા સે-૧૩ છાપરામાં રહેતો પ્રકાશ ગોપાલ દંતાણી અને પેથાપુર કસ્બાનો જાવેદહુસૈન સબ્બીર હુસૈન સૈયદ મળીને ચારેયની ધરપકડ કરીને સે-૭ પોલીસે ઊંડી પુછપરછ શરુ કરી છે.



સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા શાળાઓમાં પંખા વિતરણ કરાયા હતા તે પ્રસંગની તસવીર. (તસવીર : દિપક જાની)

# સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા રંગારંગ કાર્યક્રમો યોજાશે

## ગણેશોત્સવની ઉજવણી અન્વયે આનંદનો ગરબો, વિવિધ સ્પર્ધા, મ્યુઝિકલ નાઈટ, ગીત સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૩

સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા આગામી તા. ૯થી ૧૫ સપ્ટેમ્બર દરમિયાન સે. ૨૨ રંગમંચ ખાતે ગણેશોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. રાજયપાલ ડૉ. કમલાજીના હસ્તે દિપપ્રાગટ્ય કરી ૪૪ માં ગણેશોત્સવની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવશે.

શહેરમાં ગણેશોત્સવની ઉજવણી માટે અનોખો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. નવરાત્રી પર્વની જેમ વિઘ્નહર્તાની આરાધના માટે સેકટરે-સેકટરે તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા ૪૪મા વર્ષે ગણેશોત્સવની રંગારંગ ઉજવણી કરવામાં આવનાર છે. સમિતિના જણાવ્યા મુજબ આગામી તા. ૮ સપ્ટેમ્બરના રોજ સે. ૨૬ કિસાનનગર પ્લોટ નં. ૫૩૦/૨ ખાતેથી રાત્રે ૮ કલાકે ભજનનો કાર્યક્રમ યોજાશે. મીનાબેન વિજયભાઈ પવારના નિવાસસ્થાને ભજનસંધ્યાનો કાર્યક્રમ યોજાશે. ત્યારબાદ તા. ૯ સપ્ટેમ્બરના રોજ સવારે ૯ કલાકે સમિતિ તેમજ એસ.આર.પી. ગ્રુપ-૧૨ની શ્રીજીની મુર્તિઓની પૂજા-અર્ચના થશે.

આ તબક્કે જિલ્લા પંચાયતના પ્રમુખ હીનાબેન પટેલ, ઉત્તરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, એસ.આર.પી. ગ્રુપના સેનાપતિ એમ.આર. ચૌધરીના હસ્તે પૂજા-વિધિ યોજાશે. ત્યારબાદ શ્રીજીની ભવ્ય શોભાયાત્રા નીકળશે. રાત્રિના ૮ કલાકે રાજયપાલ ડૉ. કમલાજીના હસ્તે મંગલ દિપ પ્રગટાવી લોકોત્સવનું ઉદ્દ્ઘાટન કરાશે. રાત્રિના સે. ૨૨ રંગમંચ ખાતે ભાવનાબેન પટેલ દ્વારા આનંદનો ગરબો રજૂ થશે. ૧૦મી સપ્ટેમ્બરે રાત્રે ૮.૩૦ કલાકે કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના વિદ્યાર્થીઓ દ્વારા માતૃવંદના થીમ આધારિત નૃત્યનો કાર્યક્રમ યોજાશે. તા. ૧૧મીએ માહિતી વિભાગના સહકારથી કલ્ચર ગ્રુપ દ્વારા રીટાબેન દવેના લોકસંગીતનો કાર્યક્રમ રજૂ કરશે. તા. ૧૨ સપ્ટેમ્બરે જયોતિ મહીલા મંડળ દ્વારા બપોરે ૧.૩૦ કલાકે હલદી-કંકુ ભજન તેમજ ધાન્ય રંગોથી સ્પર્ધા યોજાશે. રાત્રીના ૮.૩૦ કલાકે હિન્દી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ યોજાશે. ૧૩મીએ નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા ફિલ્મી ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જયારે ૧૪ સપ્ટેમ્બરે રાત્રિના સંગીત નાટક અકાદમી દ્વારા કોમેડી નાટક યોજાશે. જયારે ૧૫મીએ બપોરે ૩ કલાકે શ્રીજીની મૂર્તિનું વિધિવત વિસર્જન કરવામાં આવશે.

# શહેરી વિસ્તારમાં ગંદકી અને રોગચાળાને કાબુમાં રાખવા માંગ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરમાં વરસાદના વિરામને લગભગ ૨૦ દિવસ થવા આવ્યા છે, ત્યારે અત્યારે શહેરમાં રોગચાળોએ માઝા મુકી હોય તેમ શહેરના દરેકે દરેક ઘરમાં જોવા મળે છે. તેમાં પણ ખાસ કરીને મચ્છરજન્ય રોગોના કારણે સરકારી અને ખાનગી દવાખાના ઉભરાઈ રહ્યા છે. શહેરમાં વધતી જતી ગંદકીને કાબુમાં રાખવા તંત્ર કોઈ ચોક્કસ ઉકેલ લાવે તેવી માંગ ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા કરવામાં આવી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના વિસ્તારમાં ગંદકીના કારણે રોગચાળાએ માઝા મુકી છે. પરીણામે રોગનો ભોગ બનનાર શહેર વસાહતીઓથી દવાખાના ઉભરાઈ રહ્યા છે. ત્યારે મેલેરિયા, ડેન્ગ્યુ, ચીકનગુનીયા જેવા મચ્છરજન્ય રોગચાળાએ માથુ ઉચક્યુ છે. ઠેક ઠેકાણે ફેલાયેલી ગંદકીના દર્દીઓની સંખ્યા વધી રહે છે. શહેરના વી.આઈ.પી. તેમજ વી.વીઆઈપી વિસ્તાર તેમજ તેમના મુખ્ય માર્ગો જ સાફ થાય છે. એ સિવાય અન્ય જગ્યાએ સફાઈ ન થતી હોવાની વ્યાપક ફરીયાદ છે. તેમજ કચરાના ઢગ કચરાપેટી પાસે જ જોવા મળી રહ્યા છે. આ માટે ખાસ સફાઈ ઝુંબેશ ચલાવવાની તાતી જરૂરિયાત ઉઠવા પામી છે.

વસાહતના વિરામને આટલો સમય પસાર થયો તેમ છતાં પણ રોગચાળા ઉપર કાબુ મેળવવામાં તંત્રને કામયાબી મળી નથી. તેથી શહેરી વિસ્તારમાં યોગ્ય કામગીરી કરી વહેલીતકે ગંદકીનો નિકાલ કરાવી રોગચાળો કાબુમાં લેવા માટે ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા જણાવવામાં આવ્યું છે.

## શ્રી હવેલી પરગણા વણકર સમાજના સભ્ય થવા જોગ

ગાંધીનગર, તા. ૩

શ્રી હવેલી પરગણા વણકર સમાજ ગાંધીનગરના પ્રમુખ નટવરલાલ સોલંકી જણાવે છે કે સમાજના કોઈ સભ્યને હવેલી પરગણા વણકર સમાજમાં જોડાવવા માગતા હોય તો મો. ૯૪૦૯૫૪૪૨૫૯૪૫ પર સંપર્ક સાધવા જણાવેલ છે.

## સે-૩૦માં ઝુલેલાલ સાંઈબાબા મંદિર પરિસરમાં ગણેશોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૩

શહેરના સેકટર-૩૦માં ઝુલેલાલ સાંઈબાબા મંદિર પરિસરમાં તા. ૯ સપ્ટેમ્બર ૨૦૧૩ને સોમવારના રોજ સાંજે ૪.૩૦ કલાકે ભગવાન ગણેશજીની મૂર્તિની સ્થાપના કરવામાં આવશે તેમજ ગણેશોત્સવનું પણ આયોજન કરવામાં આવ્યું છે. શહેરના પ્રખ્યાત ગુજરાત સિંધુધામ ઝુલેલાલ મંદિર પરિસરમાં તા. ૯ સપ્ટેમ્બરના રોજ ગણેશજીની મૂર્તિની સ્થાપના કરવામાં આવશે. તેમજ ગણેશોત્સવ તા. ૯ થી ૧૫ સપ્ટેમ્બર દરમિયાન સવારે ૬.૪૫ કલાકે અને સાંજે ૬.૩૦ કલાકે નિયમિત આરતી કરવામાં આવશે. આ પ્રસંગે શહેરના સૌ ભાવિક ભકતોને પધારવા સિંધી પંચાયતના પ્રમુખ લાલચંદ ગોપલાણીએ અનુરોધ કર્યો છે.



ગાંધીનગરની જાણીતી સામાજીક સંસ્થા લાયન્સ કલબ તથા લીઓ કલબના સંયુકત ઉપક્રમે ગાંધીનગરના ચંદ્ર મૌલીશ્વર મહાદેવ મંદિર સેકટર-૬-બી ખાતે આજે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. લાયન્સ કલબ તથા લીઓ કલબ દ્વારા શ્રાવણ માસના પવિત્ર દિવસોને ધ્યાને લઈ મંદિર પરિસરમાં ૧૦૮ બીલી પત્રોના વૃક્ષો તથા ૧૦૦થી વધુ અન્ય પુષ્પોના રોપાની રોપણી કરવામાં આવી હતી. આ વૃક્ષારોપણના પ્રસંગે ગુજરાત રાજય વનમંત્રી ગણપતભાઈ વસાવા, ગાંધીનગર મહાનગરના મેયર મહેન્દ્રસિંહ રાણા, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, લાયન્સ કલબના ડીસ્ટ્રીકટ ચેરમેન ભગવાનદાસ પટેલ, ચંદ્રમૌલીશ્વર મંદિરના ટ્રસ્ટી કેશુભાઈ પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના વિરોધ પક્ષના નેતા મનુભાઈ પટેલ, પ્રવિણભાઈ પટેલ, લાયન્સ કલબના પ્રમુખ રૂચિરભાઈ ભટ્ટ, લીઓ પ્રમુખ રાજ ગૌડા, મંત્રી પિયુષ શાહ, નિર્મલ અડાલજા, તેમજ શહેરના અન્ય આગેવાનોએ હાજરી આપી હતી.

# ગાંધીનગર જિલ્લા કક્ષાની ઝડપી સાયકલીંગ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લા સાઈકલીંગ એસોસીએશન દ્વારા જિલ્લાકક્ષાની ઝડપી સાયકલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં સ્પર્ધકોએ ભાગ લીધો હતો અને ઈનામો તેમજ પુરસ્કાર પ્રાપ્ત કર્યા હતા.

ગાંધીનગર જિલ્લા સાઈકલીંગ એસોસીએશન દ્વારા સેકટર-૧૭ ખાતેથી આયોજીત થયેલી આ સાઈકલ સ્પર્ધાને સંસ્થાના પ્રમુખ કિશોરભાઈ ગોપાલાણીના વરદ હસ્તે લીલી ઝંડી આપી ખુલ્લી મુકવામાં આવી હતી. આ સ્પર્ધા અલગ-અલગ વર્ગમાં યોજાઈ હતી. જેમાં ભાઈઓની સિનિયર સાયકલીંગ સ્પર્ધામાં પ્રથમ રમેશ મેઘવાલ, દ્વિતીય કિરણ પ્રજાપતિ અને તૃતીય હેમેન્દ્રસિંહ રાઠોડ તેમજ ભાઈઓ જુનીયરમાં અનુક્રમે રવિશ ભાખરીયા, આનંદ રાઠોડ, કિષ્ણરાજ વાઘેલા તથા ભાઈઓ ઓપનમાં અનુક્રમે મયુરરાજસિંહ વાઘેલા, સુરેન્દ્રસિંહ સિસોદિયા અને અજય પ્રજાપતિ તથા ભાઈઓ સબજુનીયરમાં અનુક્રમે નવદિપસિંહ રાઠોડ, કિર્તિવર્ધન રાઠોડ, મયુર પ્રજાપતિ તેમજ બહેનો જુનીયરમાં બિનલ રાઠોડ, કિંજલ ઠાકોર અને દેવાંશી દવે ઉપરાંત બહેનોની સિનિયરમાં અપેક્ષા પટેલ, વર્ષા વાઘેલા અને કાજલ ચૌધરી વિજેતા જાહેર થઈ હતી. સ્પર્ધામાં વિજેતા તમામ ખેલાડીઓને પ્રોત્સાહન ઈનામ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## પિસ્તોલ સાથે ઝડપાયેલા જમીન દલાલ પ્રકરણમાં વધુ એક પકડાયો

ગાંધીનગર, તા. ૩

ઈન્ફોસીટી કલબ સર્વિસ રોડ પાસેથી ગઈકાલે પકડાયેલા પેથાપુરના જમીન દલાલ યુવાન શખ્સે પેથાપુરના સૂર્યસિંહ પાસેથી પિસ્તોલ ખરીદી હોવાનું તપાસમાં ખુલતા બન્નેની સે. ૭ પોલીસે ધરપકડ કરી લીધી હતી. સૂર્યસિંહની તપાસ કરતાં પુછપરછમાં મુળ ઉત્તરપ્રદેશના અને હાલ ગ્રામભારતી ચોકડી પાસે રહેતા રામવસન હિરાલાલ બાલકિશનનું નામ ખુલ્યુ હતુ. જેને આધારે પી.એસ.આઈ. એ.જી. રાઠોડે આ શખ્સની ધરપકડ કરી સઘન પુછપરછ શરૂ કરી છે.

# દલિત સરકારી કર્મચારીનો ભાજપ સરકારના ત્રાસથી આપઘાતને કોંગ્રેસ સખત શબ્દોમાં વખોડે છે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી મુકેશ પટેલ તેમજ પક્ષના નેતાશ્રી ચિમનભાઈ વિંઝુડા સંયુક્ત નિવેદનમાં જણાવે છે કે, ગુજરાત રાજ્યની ભાજપ સરકાર દ્વારા ગુજરાત સરકારની કચેરીઓમાં છેલ્લા ૧૫ વર્ષથી ભરતી કરાતી નથી. મુખ્યમંત્રીશ્રીના ઉત્સવો દ્વારા મુખ્યમંત્રીની વાહ-વાહ કરવામાં સરકારી તંત્ર રોકાયેલ રહે છે અને કર્મચારીઓ/અધિકારીઓની ગુજરાત સરકાર ભરતી કરવામાં આવતી ન હોઈ કર્મચારીઓનું કામનું ભારણ વધુ ગયેલ હોવાથી કર્મચારીઓ માનસિક તણાવમાં રહી કામગીરી કરે છે. તેમના ઉપરના અધિકારીના ત્રાસથી આપઘાત કરવાનો વારો આવે તેવા પ્રસંગો પેદા થયેલ છે.

ગાંધીનગરમાં એક પણ કચેરી એવી નથી કે જે કચેરીમાંથી કર્મચારી/અધિકારીઓએ આપઘાત કરવાના પ્રસંગો ન બનેલ હોય. ભાજપ સરકારની જોહુકમીથી તા. ૩-૯-૨૦૧૩ના ઉદ્યોગભવનમાં જીઆઈડીસીમાં ફરજ બજાવતા શ્રી નરેશભાઈ ચાવડાએ આપઘાત કરેલ છે. આ આપઘાત ઉપરી અધિકારીના માનસિક ત્રાસ તેમજ હેરાન પરેશાન કરવા, કામોનું સતત ભારણ વગેરે કારણોના લીધે તેઓએ આપઘાત કરેલ છે. તેઓના આપઘાતના લીધે તેઓના કુટુંબ ઉપર મોટી આર્થિક આપત્તી આવી પડેલ છે. અને કુટુંબનો મોભી ગુમાવેલ છે. સરકાર છેલ્લા ઘણા વર્ષોથી નોકરીઓમાં ભરતી નહિ કરવાના કારણે કર્મચારીઓ ઉપર સતત કામના ભારણને કારણે માનસિક ટેન્શન રહ્યા કરે છે. તેમજ બે થી વધુ જગ્યાએ ચાર્જમાં કામગીરી કરવી પડે છે. જેના કારણે કર્મચારી સતત ટેન્શનમાં રહે છે.

## શહેર પેન્શનર્સ સમાજની પાંચમીએ બેઠક

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક તા. ૫ સપ્ટેમ્બર ૨૦૧૩ને ગુરુવારના રોજ સંસ્થાના કાર્યાલય સ્વસ્તિક કોમ્પ્લેક્ષ બીજે માળ સેકટર-૨૨ ખાતે બપોરે ૪ વાગે મળશે.

શહેર પેન્શનર્સ સમાજની મળનારી બેઠકમાં કારોબારી સભ્યોના પ્રવાસ અંગે માહિતી આપવામાં આવશે અને અગત્યના પ્રશ્નોની સમુહ ચર્ચા વિચારણા કરવામાં આવશે. બેઠકમાં સર્વ પદાધિકારીઓ તેમજ કારોબારી સભ્યોને અચુક હાજર રહેવા પ્રવર મંત્રી ડી.પી. સંઘાણીએ અનુરોધ કર્યો છે.

# પેન્શનર્સ સમાજ સેક્ટર-૧ દ્વારા તેજસ્વી તારલાઓને સન્માનાશે

પેન્શનર્સ સમાજ સેક્ટર-૧ દ્વારા સેક્ટરના તેજસ્વી તારલાઓને સન્માનિત કરવાનો કાર્યક્રમ તા. ૮ સપ્ટેમ્બરને રવિવારે સાંજે ૭ કલાકે ગાયત્રી શક્તિપીઠ મંદિરના પરિસરમાં યોજાશે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ સેક્ટર-૧ના વસાહતીઓના બાળકો કે જેઓ ધોરણ-૧૦, ૧૨માં ૮૦ ટકા કરતા વધુ ગુણાંક મેવેલા હોય તેમને સન્માનિત કરવામાં આવશે. આ પ્રસંગે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ચેરમેન મહેન્દ્રભાઈ ત્રિવેદી, પાલિકાની સ્ટેન્ડીંગ કમિટીના અધ્યક્ષ આશીષભાઈ દવે, ઉત્સવ સમિતિના અધ્યક્ષ એન.પી. પટેલ તેમજ ગાયત્રી શક્તિપીઠ પરિવારના વડા મનુભાઈ પટેલ ઉપસ્થિત રહેશે અને આર્શીવચન આપશે. આથી સૌ વસાહતી ભાઈ-બહેનોને કાર્યક્રમમાં સહભાગી થવા પેન્શનર્સ સમાજના પ્રમુખ એસ.ડી.આરે. અનુરોધ કર્યો છે.

## સેક્ટર-૩-બી નવરાત્રી મહોત્સવ સમિતિની બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૩

આગામી નવરાત્રી મહોત્સવને અનુલક્ષીને નવરાત્રી મહોત્સવ સમિતિ સેક્ટર-૩-બી દ્વારા તા. ૫મી સપ્ટેમ્બર-૨૦૧૩ને ગુરૂવારના રોજ રાત્રે ૯ કલાકે સેક્ટર-૩-બી નવરાત્રી ચોક ખાતે સમિતિની સામાન્ય બેઠક યોજાશે. ૨૧માં નવરાત્રી મહોત્સવને ભાગરૂપે યોજાનાર સામાન્ય બેઠકમાં સર્વે વસાહતીઓને હાજર રહેવા સંસ્થાના પ્રમુખ હર્ષદભાઈ શાહે જણાવ્યું છે.

## સેક્ટર-૧૭ નવરાત્રી સમિતિની રચના કરાઈ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર સેક્ટર-૧૭ ખાતે આગામી નવરાત્રી મહોત્સવને અનુરૂપ એક બેઠકનું આયોજન સેક્ટરના શોપીંગ સેન્ટર ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં સેકટરના વસાહતીઓ અને વેપારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

નવરાત્રી મહોત્સવની બેઠકમાં ગત નવરાત્રીના વાર્ષિક હિસાબો રજુ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ સર્વાનુમતે આગામી નવરાત્રી મહોત્સવની સમિતિના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે રજુજી બી. ગોલ, ઉપપ્રમુખ તરીકે રમેશભાઈ પરમાર, સમીરભાઈ પંડીત, કનુભાઈ એસ. રાવલ, ભરતભાઈ ગોસ્વામી, મંત્રી તરીકે રમેશભાઈ વાળંદ, મહામંત્રી તરીકે તેજસભાઈ પટેલ, ખજાનચી તરીકે પ્રદિપભાઈ પટેલ, સહમંત્રી તરીકે યુવરાજસિંહ ઉદાવત, મેહુલકુમાર પટેલ, સંગઠન મંત્રી તરીકે સંદીપભાઈ રાવલ તેમજ સલાહકાર સમિતિમાં ડૉ. ઠેકડી, મુકુન્દભાઈ સુખડિયા, પોખરાજભાઈ મીસ્ત્રીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૬

સૂર્યાસ્ત : ૬.૫૧

## તાપમાન

મહત્તમ : ૩૩.૮ ડિ.સે.

લઘુત્તમ : ૨૫.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૧ ટકા ● સાંજે ૬૮ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ચેન્નાઈ એક્ષપ્રેસ : ૯.૩૦, ૨.૪૫, ૭.૪૫

ધ કૉન્જુરીંગ : ૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૪૫

: સ્ક્રીન-૨ :

સત્યાગ્રહ : ૯.૦૦, ૧૨.૦૦ ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

: સ્ક્રીન-૩ :

સત્યાગ્રહ: ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :

મદ્રાસ કાફે : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૧૫

### સૂર્યા, વાવોલચ

સત્યાગ્રહ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

વોન્ટેડ ચાઈલ્ડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

સત્યાગ્રહ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

મદ્રાસ કાફે : ૧૦.૦૦, ૧.૦૦, ૭.૦૦

સત્યાગ્રહ : ૪.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

સત્યાગ્રહ : ૧૧.૦૦, ૮.૧૫, ૧૧.૦૦

ચેન્નાઈ એક્ષપ્રેસ : ૨.૦૦

મુંબઈ અગેઈન : ૫.૦૦

### ચિરાગ, કલોલ

સત્યાગ્રહ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ધાર્મિક

- શ્રી શિવ-શક્તિ મહિમ્ન સ્રોત મંડળ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિતે શ્રીમતી જશોદાબા- કિન્નાબેન જાની પ્લોટ નં. ૪૮, વિરાટનગર સોસાયટી, ખાતે શિવ મહિમ્ન પાઠ તથા સ્તુતિ વંદના.
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિતે ચેતનભાઈ જોશી અભિનંદન ફલેટ ખાતે શિવ મહિમ્નપાઠ અને સ્તુતિ વંદના.

## આપની આજ

**મેષ** : યાત્રા અને મનોવિનોદમાં સમય પસાર થશે. સહયોગ અને સારા સંબંધોને કારણએ લાભને ઉન્નતિનો માર્ગ મોકળો થશે. નવી આયોજનો માટે રોકાણ કરતાં પહેલાં યોગ્ય તપાસ કરવી હિતાવહ રહેશે.

**વૃષભ** : સંગીત ક્ષેત્રમાં રૂચિ વધશે. વેપાર સારો ચાલશે. દોડધામ લાભદાયી તથા સાર્થક સિદ્ધ થઈ શકે છે. જળ ક્ષેત્રોની વિશેષ યાત્રાઓનું આયોજન થઈ શકે છે. સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે.

**મિથુન** : સંતાન તરફથી સુખદ સમાચાર મળશે. આપના કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યા છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે.

**કર્ક** : તમારી વ્યવહાર કુશળતાથી વ્યાપારમાં લાભ મેળવવાની સંભાવના છે. આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે.

**સિંહ** : પ્રયત્નોનું ફળ પ્રાપ્ત થશે. વ્યવસાયિક યાત્રા લાભપ્રદ રહેશે. અપરણિતો માટે લગ્નનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે. વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે.

**કન્યા** : આપને ઉપયોગી બની રહે એવા નવા સંબંધો બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**તુલા** : પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. ધર્મ આધ્યાત્મ સંબંધી વિશિષ્ટ સંશોધન કાર્ય પૂર્ણ થશે. યાત્રાનો વિશેષ યોગ. સગા-સંબંધીઓથી મુલાકાત થઈ શકશે.

**વૃશ્ચિક** : ધાર્મિક કાર્યમાં સમય પસાર થશે. મહત્વપૂર્ણ કાર્યોને પૂર્ણ કરશો. કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે. વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું.

**ધન** : સુખ-સુવિધા, પદ-પ્રતિષ્ઠા સંબંધી વિશેષ યોગ. આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે. ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે.

**મકર** : મનોકૂળ કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન- સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે.

**કુંભ** : આમોદ- પ્રમોદ વિલાસિતામાં સમય પસાર થશે. કૌટુંબિક જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી. અનુકૂળ પરિણામ માટે સક્રિયતા અને નિશ્ચિતતા આવશ્યક છે.

**મીન** : આર્થિક કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે. મંગળ કાર્યોનું આયોજન કરી શકશો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબનું વાતારવણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટશે.

## ચિરવિદાય

- સ્વ. આનંદીબેન રતીલાલ ભટ્ટ (ઉ.વ. ૯૦) મુ.પો. વાવોલ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. શારદાબેન ચંદુલાલ રાવળ (ઉ.વ. ૭૮) પ્લોટ નં. ૨૯, શાલીન-૧, મુ.પો. વાવોલ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ચંપાબેન ચકાજી ઠાકોર (ઉ.વ. ૫૮) મુ.પો .મહુન્દ્રરા, તા., જિ. ગાંધીનગર.